## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે તમારે પાર્ટી કાર્યાલય પર આવવું નહીં... ચિંતન કરવું નહી... આપણે મહેનત કરી ઈમેજ બગાડીએ તેની જગ્યાએ... આ લોકો નવા ચહેરા લાવી દે છે...!!

# સેકટર-૧૭ જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડને ઘર બનાવી દીધુ છે...!

ગાંધીનગર તા, ૬

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા તંત્રના અધિકારીઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. ત્યારે સમાર્ટસીટીમાં સેકટર-૧૭ જિલ્લા પંચાયત પાસે જ સ્માર્ટ બસ સ્ટેન્ડ આવેલું છે. જેમાં એક વયોવૃદ્ધ નાગરીકે આ બસ સ્ટેન્ડને પોતાનું ઘર બનાવી દીધું છે. સરકારની આંખ સામે બસ સ્ટેન્ડમાં આખેઆખું ઘર હોવા છતા તંત્રના કોઈ પણ અધિકારીની નજરમાં હજુ સુધી આવ્યું નથી. જિલ્લા પંચાયતથી બસમાં બેસતા મુસાફરોને ચોમાસાની સિઝનમાં પણ વરસાદમાં ભીંજાવાની ફરજ પડે છે. મુસાફરો માટે બસ સ્ટેન્ડ નથી રહ્યું ત્યારે બીજુ બસ સ્ટેન્ડ બનાવવાની પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં જમીનોના ભાવ વધતા આ વૃદ્ધે બસ સ્ટેન્ડને જ પોતાનું ઘર બનાવી દીધુ છે.

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા તંત્ર દ્વારા જોરશોરથી કામગીરી કરવામાં આવી રહી છે. અત્યારે હાલ શહેરને દબાણમુકત કરવા ઝુંબેશ ચલાવાઈ રહી છે. સેકટરોમાંથી તંત્ર દ્વારા ઝુંપડાના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. સ્માર્ટ સીટી બનાવવા માટે તંત્રના અધિકારીઓને કામે લગાડી દેવાયા છે. ત્યારે સરકારની આંખ સામે સ્માર્ટ સીટીનું સ્માર્ટ બસ સ્ટેન્ડ આવેલુ હોવા છતા કોઈનું ધ્યાન આ બસ સ્ટેન્ડ પર ગયું નથી. સેકટર-૧૭ જિલ્લા પંચાયત પાસે આવેલા બસ સ્ટેન્ડમાં છેલ્લા ઘણા સમયથી એક વૃદ્ધ વસવાટ કરે છે. આ વૃદ્ધ અશકત હોવાથી અહી વસવાટ કરે છે. છેલ્લા ૩૫ વર્ષથી ગાંધીનગરમાં વિવિધ સ્થળો પર રહેતા હતા. પરંતુ તેઓ જણાવે છે કે છેલ્લા ઘણા સમયથી બસ સ્ટેન્ડમાં આશરો લઈ રહ્યા છે. પરંતુ બસ સ્ટેન્ડ હોવાથી અન્ય મુસાફરોનો હાલાકી ભોગવવી પડે છે.

ચોમાસાની સિઝન હોવાથી વરસાદમાં બહાર ભીંજાઈને બસની રાહ જોવી પડે છે. જેથી મુસાફરો અન્ય એક વધુ આ સ્થળ પર બસ સ્ટેન્ડ બનાવવાની માંગ કરી રહ્યા છે.






## ખૂણે ખાંચરેથી...

- મહાત્મા મંદિર ખાતે રાજ્ય મંત્રીમંડળની બીજીવાર શપથવિધિનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.
- રાજ્ય મંત્રીમંડળની રચના અને પ્રદેશ સંગઠ્ઠનના પુનઃ ગઢનને લઈ આજે આખો દિવસ પાટનગરમાં બેઠકોનો સિલસિલો ચાલુ રહ્યો હતો.
- મેદરા ખાતે આજે નર્મદા નિગમ દ્વારા કેનાલની બાજુમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં શપથવિધિ સમારોહમાં હાજરી આપવા મહાનુભાવો આવી રહ્યા હોવાથી તમામ અધિકારીઓને ગાંધીનગરમાં હાજર રહેવા તેમજ કચેરીમાં સરમારંભ પૂર્ણ ના થાય ત્યાં સુધી હાજર રહેવાની સૂચનાઓ આપવામાં આવી છે.
- સે. ૭/૮ના કોર્નર પર આવેલા પાનના ગલ્લામાં આજે ધોળે દિવસે ચોરી થયાની ઘટના બની છે.
- ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ગ્રીન પેલેટ સંસ્થા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.
- જિલ્લા તંત્ર દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણીના આયોજનની પણ તૈયારી આરંભાઈ છે.

## ત્રિશુલી સાધના શિબિર અંગે આજે મીટિંગ

ગાંધીનગર, તા.૬

દૈનિક આહાર પ્રણાલીમાં આમુલ પરિવર્તન લાવી સંપૂર્ણ સ્વાસ્થ્ય અને નિરોગી જીવન જીવવા માટે 'ત્રિશુલી સાધના' જેમાં તપ, સેવા અને સુમિરનના આધાર પર આઈએએસ સંસ્થા મેરઠ (ઉ.પ્ર.)ના ડૉ. ગોપાલ શાસ્ત્રીજીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી સ્વાસ્થ્ય કાર્ય શિબિર યોજવામાં આવનાર છે. આ શિબિરના આયોજન માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તથા રસ ધરાવતી વ્યકિતઓની મીટિંગ તા. ૭મી ઓગષ્ટે સાંજે પાંચ વાગે ગાયત્રી શકિતપીઠ સે-૧માં રાખવામાં આવેલ છે તેમ ચેરમેન શ્રી કનકસિંહ ગોહિલે જણાવેલ છે.

## શહેરની હરિયાળીને નંદવાતી અટકાવવા નગરજનોનું વૃક્ષારોપણ અભિયાન

ગાંધીનગર, તા. ૬

એક તરફ શહેરમાં માર્ગોને પ્હોળા કરવાની, નવા માર્ગો બનાવવાની, નવી નવી ઈમારતો અને વસાહતો ખડી કરવાની હોડ લાગી છે. જેના કારણે શહેરમાં વૃક્ષોનો સોથ વળી રહ્યો છે જ્યારે બીજી તરફ આ શહેરના રહીશો નગરની હરિયાળીને નંદવાતી અટકાવવા કમર કસી રહ્યાં છે.જે આશાના કિરણ સમાન છે. ચોમાસાની ઋતુમાં વાવેલા રોપાઓની ઝડપથી જમીન સાથે તાદાત્મ સાધી ઉગી નિકળવાની શક્યતા વધુ હોવાનું સુપેરે જણાતા નગરના પર્યાવરણ પ્રેમી નાગરિકો સતત વૃક્ષારોપણની પ્રવૃત્તિ દ્વારા પ્રકૃતિને સજાવવામાં લાગી ગયા છે.

## જુનિયર સિટીઝન કાઉન્સિલ-મુક્તિધામ



જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા શહેરના સે. ૩૦ ખાતે મુક્તિધામ સ્મશાનના સંકુલમાં 'વૃક્ષ વાવો-પર્યાવરણ બચાવો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જુસિકાના એડવોકેટ હિતેષ રાવલ અને સામાજિક અગ્રણી જીલુભા ધાંધલ દ્વારા મુક્તિધામ ખાતેની લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે વાંચવા આવતા વિદ્યાર્થીઓ-ઉમેદવારોના સહકારથી વૃક્ષારોપણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. 'વૃક્ષો વાવો-પર્યાવરણ બચાવો' અભિયાન અંતર્ગત મુક્તિધામ ખાતે ૬૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનો નિર્ધાર કરાયો છે અને તે અંતર્ગત છોડવાઓનું વાવેતરકાર્ય આરંભી દેવાયું છે.

# બ્રહ્મરાક્ષસ સિરીયલનું પ્રસારણ અટકાવવા બ્રહ્મસમાજની માગણી

## શનિવારથી શરૂ થયેલી સિરીયલમાં ભુદેવોની લાગણી દુભાય તેવા ડાયલોગથી સમાજની લાગણી દુભાઈ : અશ્વિન ત્રિવેદી

ગાંધીનગર, તા. ૬

૬ ઓગષ્ટથી શરૂ થયેલી ટીવી સિરીયલ 'બ્રહ્મરાક્ષસ'માં બ્રાહ્મણોની લાગણી દુભાય તેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હોવાથી બ્રહ્મસમાજમાં આક્રોશ પ્રવર્ત્યો છે. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રીને સિરીયલનું પ્રસારણ અટકાવવા રજૂઆત કરવામાં આવી છે. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીના જણાવ્યા મુજબ ટીવી ઉપર 'બ્રહ્મરાક્ષસ' સીરીયલનો પ્રોમો જી ટીવી ઉપર દર્શાવવામાં આવતો હતો. જેમાં બ્રાહ્મણોની લાગણી દુભાય તેવા શબ્દોનો પ્રયોગ ટાઈટલથી લઈ ડાયલોજ સુધી કરવામાં આવ્યો છે. બ્રહ્મસમાજની લાગણીને ઠેસ પહોંચી છે. જેને અનુલક્ષી અહમ શર્મા અને ક્રિસ્ટલ ડિસોઝા દ્વારા અભિનીત 'બ્રહ્મ રાક્ષસ' સીરીયલનું પ્રસારણ અટકાવવા માહિતી પ્રસારણ મંત્રી કેન્દ્રમાં વેંકટનાયડુને મેઈલ દ્વારા ગુજરાત બ્રહ્મ મસાજના મંત્રી અશ્વિન ત્રિવેદીએ રજુઆત કરી છે.

આગામી દિવસોમાં આ સીરીયલ અટકાવવામાં નહી આવે તો ગુજરાતના બ્રાહ્મણો દ્વારા ફરીયાદ દાખલ કરી જિલ્લા કલેક્ટર તથા કમિશનરને આવેદન પત્રો આપવાનું પણ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે.

## શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ચામડીના રોગનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

શ્રી વિધ્નોશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને માંપાલઈ વિધ્નેશ્વરી ધામ માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવે છે. ઓગષ્ટ મહિનાના પ્રથમ રવિવારે એટલે કે ૭ ઓગષ્ટના રોજ બપોરના ૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન ચામડીના રોગનો નિદાન અને સારવારનો ત્યાશીમો કેમ્પ યોજાશે.

આ નિદાન કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ સેવા આપશે.

સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનોશભાઈ વ્યાસો પ્રજાજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# ઈતિહાસ અને અભિલેખાગાર વિષયે વ્યાખ્યાન યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૬

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-વ્યારા, જિ. તાપી ખાતે ઈતિહાસના ૨૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગર, ગાંધીનગરનાં નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી. શાહ ''ઈતિહાસ અને અભિલેખાગાર' એ વિષયે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ઈતિહાસની સાથોસાથ રાષ્ટ્રીય અભિલેખાગાર, સાંસ્કૃતિક વારસામાં અને સંશોધનકારો માટે દફતરોની અગત્યતા અને તેનો ઉપયોગ બાબતે વિસ્તારપુર્વક સમજુતી આપી હતી. ઉપરાંત ગુજરાતના જુના દેશી રાજ્યોના ૧૨૫ વર્ષ કરતાં વધારે જુના ઐતિહાસિક દસ્તાવેજો પણ વિદ્યાર્થીઓને બતાવ્યા હતા. આ વ્યાખ્યાન, 'તમારા પ્રશ્નો મારા જવાબો' સાથે કરેલ. પ્રિન્સિપાલ ડૉ. એચ.વાય. ખરવાસિયાએ સ્વાગત પ્રવચન અને આભારવિધિ ઈતિહાસ વિભાગના વડા ડૉ. ધર્મેશ પંડ્યાએ કરી હતી.

## જિલ્લા પંચાયત ખાતે

# મેલેરિયા સહિત વાહક જન્ય રોગચાળા નિયંત્રણ અંગે વિશેષ વર્કશોપ યોજાયો




ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત એક વિશિષ્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં રાજ્યના અધિક આરોગ્ય નિયામક ડૉ. પરેશ દવે, સંયુક્ત નિયામક ડૉ. બી.એસ. જેસલપરા, ભારત સરકારના ડૉ. શાહુ જી.સી., સ્ટેટ એન્ટોમોલોજીસ્ટ જ્યોર્જ કુરિયન તથા નાયબ નિયામક ડૉ. દિનકર રાવલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા, અર્બન હેલ્થના મેડીકલ ઓફિસરો, સીએચસીના અધિક્ષકો તથા જિલ્લાના તમામ તબીબી અધિકારીઓના યોજાયેલા આ વર્કશોપમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચાંદીપુરમ્ સહિતના વાહકજન્ય રોગો અંગે વિસ્તૃત છણાવટ સાથે ચિંતન અને પરામર્શ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ડેન્ગ્યુ અને મેલેરિયાને નોટીફાઈડ કરવામાં આવ્યા હોવાથી તેના નોટીફિકેશન સહિત ડ્રગ પોલિસી જે છે તેના વિશે વિગતે ચર્ચાઓ કરી તબીબોને વાકેફ કરવામાં આવ્યા હતા. જુદા જુદા વિષય નિષ્ણાતોએ આ અંગે શું શું પગલાં લેવા, વાહકજન્ય રોગને નિયંત્રણમાં રાખવામાં જનજાગૃતિ અભિયાન, પોરાનાશક કામગીરી, એન્ટીલારવેલ કામગીરી ઉપરાંત વિવિધ પગલાંઓને આવરી લઈ ચર્ચાને રસપ્રદ બનાવવામાં આવી હતી. ૬૦થી વધુ તબીબી અધિકારીઓ આ વર્કશોપમાં જોડાયા હતા. જિલ્લામાં કલોલ તાલુકાના પાનસર ગામે ચાંદીપુરમના નિકળેલ કેસને પગલે આજે યોજાયેલો આ વર્કશોપનું તબીબી ક્ષેત્રમાં મહત્વ વધુ અપાયુ હતુ.

આજના આ વર્કશોપમાં ચાંદિપુરમ્ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરી અને તેના અટકાયતી પગલાં તેમજ તેમાં શું શું પગલાં આવશ્યક છે અને શું શું લક્ષણો હોય છે તેની પણ વિશેષ સમજ પ્રેઝન્ટેશન સાથે રજુ કરવામાં આવી હતી.

## વ્હીકલ ટુ સોફટવેર અપગ્રેડ થતાં

# આરટીઓ કચેરીઓ પરસ્પર જોડાશે

## અરજદારોનુ કામ વધુ ઝડપી અને સરળ બનશે : ગાંધીનગરની આર ટી ઓ કચેરીનો ડેટા પણ અપગ્રેડ થશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વાહન ટુનુ સોફટવેર અપગ્રેડ થતા હવે રાજયની અન્ય આર ટી ઓ કચેરી સાથે પણ આ કચેરીનુ જોડાણ થશે અલબત્ત વ્હીકલ ટુ નુ સોફટવેર ધરાવતી અન્ય આર ટી ઓ કચેરી નગરની પેપરલેસ આર ટી ઓ કચેરી સાથે સંકલન કરી શકશે. અરજદારોના કામ પણ વધુ સરળતાથી થશે

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારો માટે અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમાં વાહનચાલકો માટે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક , ઓન લાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ તેમજ ઘરે બેઠા લાયસન્સ મળી રહે તેવી સુવિધાઓ પણ કાર્યરત છે. જયારે એપોઈન્ટમેન્ટ સિસ્ટમ અમલી થતા અરજદારોએ સમય ન બગાડવો પડે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે આર ટી ઓ કચેરીમા છાશવારે સર્વર ડાઉન થવાની ફરિયાદોના લીધે અરજદારોએ ભારે હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જો કે થોડા સમય અગાઉ જ આર ટી ઓ દ્વારા નવુ સોફટવેર વ્હીકલ ટુ એકટીવ કરી દેવાતા હાલ મોટાભાગનો ડેટા પણ અપગ્રેડ કરી દેવાયો છે. જયારે આગામી દિવસોમાં રાજયની અન્ય આર ટી ઓ કચેરીમાં આ સોફટવેર એકટીવ હોય તેવા કિસ્સામાં ગાંધીનગર આર ટી ઓ કચેરીમાંથી પણ બહારના અરજદારોનો અપડેટ જાણી શકાશે. જેના લીધે કામગીરી વધુ પારદર્શક બનશે તેમજ અરજદારોના કામ ઝડપી અને સરળ રીતે પુર્ણ થશે. આગામી દિવસોમાં અમદાવાદના અરજદારોના લાયસન્સ નુ કામ પણ ગાંધીનગર આર ટી ઓ કચેરીથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

## વિજાણુ મુક્ત કરનાર મશીનનું ઢાંકણ અચાનક ખુલતાં

# સિવિલ હૉસ્પિટલમાં વર્ગ-૪નો કર્મચારી ઘાયલ થયો : રિપોર્ટ નોર્મલ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જુના બિલ્ડીંગમાં આવેલા ઓપરેશન થિયેટર અને સાધનોને વિજાણુ મુક્ત કરનાર મશીનનું ઢાંકણ અચાનક ખુલી જતા વર્ગ-૪ના કર્મચારીને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત થવા છતા સમય સુચકતા વાપરીને કર્મચારીએ તાત્કાલીક મશીન બંધ કરીને મોટી દુર્ઘટના થતી અટકાવી હતી. કર્મચારીને તાત્કાલીક સારવાર આપવામાં આવી હતી. તેમજ સોનોગ્રાફી સહિતના રિપોર્ટ નોર્મલ આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ જુના ઓપરેશન થિયેટરમાં ઓપરેશન સમેય સાધનો અને થિયેટર વિજાણુ મુક્ત કરવામાં આવે છે. વિજાણુ મુક્ત કરવા ભારે ઓટો કલીન મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં તાજેતરમાં વર્ગ-૪નો કર્મચારી ઓટી. તેમજ વિજાણુમુક્ત કરવાની કામગીરી કરી રહ્યો હતો. તે સમય દરમિયાન મશીનની રીંગ ખરાબ થઈ જતા અચાનક પ્રેશર વધી જતા મશીનનું ઢાંકણ ધડાકાભેર ખુલી ગયુ હતુ. આ ઢાંકણ કર્મચારીને વાંગતા ઈજા પહોંચી હતી. જો કે કર્મચારીએ હિંમત દાખવીને તાત્કાલિક મશીન બંધ કરી દીધુ હતુ અને દુર્ઘટના થતી અટકાવી હતી. ઈજાગ્રસ્ત કર્મચારીને તાત્કાલિક સારવવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સોનોગ્રાફી સહિતના રિપોર્ટ નોર્મલ આવ્યા હતા.

## શહેરનાં નવાં સેક્ટરર્સ અંધારિયાં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં અવારનવાર ઘણા સેકટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં નજરે પડે છે. જેના લીધે નગરવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

શહેરનો પોશ વિસ્તાર ગણાતા સેક્ટર-૧ થી ૪ સેક્ટરોમાં અને ઈન્ફોસીટી વિસ્તારમાં વારંવાર સ્ટ્રીટલાઈટ ડૂલ થતા અંધારપટ છવાઈ જાય છે. બીજી તરફ અનેક ફરીયાદોના અંતે પણ સમસ્યાઓનો નિરાકરણ આવતો નથી તેમ વોર્ડ નં. ૮ના કાઉન્સીલર પ્રવિણબેન વોરાએ જણાવ્યું છે.


## જાહેર સુચના

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, 'બી' બ્લોક, પહેલો માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૮૫)ની કચેરીએથી ગાંધીનગર શહેરમાં **(૧) સેક્ટર નં.૧૧માં ચ-૩ પાસેનું ખૂણા પરનું મેદાન, (૨) સેક્ટર નં.૧૧ શાલીન કોમ્પલેક્ષ સામેનું મેદાન, (૩) સેક્ટર નં.૬/ડીમાં પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી સરકારી જમીન** નવરાત્રિ મહોત્સવ-૨૦૧૬ માટે સરકારશ્રી નક્કી કરે તે મુજબના નિયત ભાડાથી ટુંકી મુદત માટે ભાડેથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થા / અરજદારો પાસેથી તા. ૩૦/૮/૨૦૧૬ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું **'સેક્ટર નં. ..........નાં મેદાનની નવરાત્રિ મહોત્સવ-૨૦૧૬ની અરજી'** એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શક્ય હશે તો આવેલ અરજીઓ તા. ૩૧/૮/૨૦૧૬ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે હાજર રહેલ અરજી કરનાર સંસ્થા / વ્યક્તિના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. એક જ સ્થળ માટે એક કરતા વધુ અરજીઓ આવશે તો તે જ દિવસે બપોરના ૧૨.૩૦ કલાકે જ ડ્રો પણ કરવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજવા વિભાગ નં.૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ડ્રો/ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. જે વ્યક્તિ / સંસ્થાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે તેની બાનાની રકમ તરીકે આપેલ રૂ. ૨૫,૦૦૦/- એફડીઆર જામીન અનામતના રૂપાંતરિત થશે અને અત્રે જમા રાખવામાં આવશે.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી કરી શકશે પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે. અને ડ્રોમાં એક કરતા વધુ સ્થળ લાગશે તો ગમે તે એક સ્થળની પસંદગી કરી તુરત જ લેખિત સંમતિપત્ર આપવાનો રહેશે.

તો રસ ધરાવતા ગાંધીનગર શહેરના અરજદારો / સંસ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી.

**માહિતી/૧૧૭૮/૨૦૧૬-૧૭**